| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૩ | ૦૩ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૦ | ૦૯ |

સત્યમેવ જયતે

## ગાંધીનગરના બીજા અધિક સેશન્સ જજશ્રીની અદાલતમા,
## મુકામ : ગાંધીનગર

---

ક્રિ.પ.અ.નંબર–૩૫૯/૨૦૨૬
આંક : ૦૯

અરજદાર : તરંગકુમાર રમેશભાઈ પટેલ
રહેવાસી : જીચાપર ફાર્મ, ગલુદણ ગામ,
તા.જિ.ગાંધીનગર.

વિરૂધ્ધ

સામાવાળા : સરકારશ્રી,

---

બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩(૧)(બી) મુજબ જામીનની શરત નં.૧/૩ માં ફેરફાર કરવા તથા પાસપોર્ટ પરત આપવા બાબત...

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી : ડી.બી.રાજપુત

સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી : એચ.એન.રાવલ

---

**–:: જ જ મે ન્ટ ::–**

બીજા અધિક સત્ર ન્યાયાધિશ,
ગાંધીનગર.

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારે અગાઉ ગાંધીનગરની કોર્ટમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટે અરજી કરેલ. જેમાં અરજદારને અરજદાર નં.૩ તરીકે દર્શાવેલ છે અને સદરહુ જામીન અરજી નંબર : ૧૦૪૭/૨૦૨૫ તારીખ : ૦૮–૦૮–૨૦૨૫ નારોજ આંક : ૬ થી શરતી જામીન મંજુર કરેલ છે. તેમાં શરત નં.૧/૩ માં પાસપોર્ટ સરન્ડર કરવાનો હુકમ પણ નામદાર કોર્ટે કરેલ છે તે અરજદારે ગાંધીનગરની હકુમત ધરાવતી પોલીસ સ્ટેશનની કોર્ટમાં તારીખ : ૧૨–૦૮–૨૦૨૫ નારોજ ગાંધીનગરની ચીફ કોર્ટ નાઝરશ્રી સમક્ષ જમા કરાવેલ છે. અરજદાર ઈલેકટ્રીક ક્ષેત્રમાં કામ કરે છે અને કઠવાડા જી.આઈ.ડી.સી.માં દુકાન ધરાવે છે અને ત્યાં કામ કરે છે. અરજદારને ઈ–ઈન્વીટેશન FOR THE 139 SESSION OF CHINA IMPORT AND EXPORT FAIR માં હાજરી આપવા માટે તારીખ : ૧૧–૦૩–૨૦૨૬ થી ૨૦–૦૪–૨૦૨૬ સુધી અસલ પાસપોર્ટ નામદાર કોર્ટમાંથી મેળવીને ચાઈના એમ્બેસીમાં વીઝા મેળવવા માટે પાસપોર્ટની જરૂરીયાત હોવાથી ઉપર દર્શાવેલ તમામ કામો માટે ૪૯ દિવસ માટે પાસપોર્ટ પરત જોઈતો હોઈ જામીન અરજીની શરતમાં વચગાળાનો ફેરફાર કરી પાસપોર્ટ પરત આપવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારે પોતાની અરજીના સમર્થનમાં એફીડેવીટ તથા આંક : ૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી આગોતરા જામીન નંબર : ૧૦૪૭/૨૦૨૫ નો હુકમ તથા નિ.૩/૨ થી ચાઈના માટે ઈ–ઈન્વીટેશન તથા નિ.૩/૩ થી આઈટનરી તથા નિ.૩/૪ થી અરજદારના પાસપોર્ટ નંબર : એક્ષ૯૧૦૩૪૫૪ ની નકલ તથા નિ.૩/૫ થી ઈલેકટ્રીક કોન્ટ્રાકટ લાઈસન્સની નકલ તથા નિ.૩/૬ થી અરજદાર જ્યાં ધૂધો કરે છે તેનું લાઈટબીલ તથા નિ.૩/૭ થી અરજદારના

આધાર કાર્ડની નકલ રજુ રાખેલ છે.

(૩) અરજદાર તરફેના વિ.વ.શ્રી ડી.બી.રાજપુત નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર ઈલેકટ્રોનિકસના કામકાજ સાથે સંકળાયેલા છે અને તેઓને ઈ–ઈન્વીટેશન FOR THE 139 SESSION OF CHINA IMPORT AND EXPORT FAIR માં હાજર રહેવા માટે તારીખ : ૧૧–૦૪–૨૦૨૬ થી તારીખ : ૨૦–૦૪–૨૦૨૬ સુધી ચાઈના જવાનું હોઈ ૪૯ દિવસ માટે અરજદારને નામદાર કોર્ટ ફરમાવે તે શરતોને આધિન પાસપોર્ટ પરત સોંપવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા સરકાર તરફે વિ.પી.પી.શ્રી એચ.એન.રાવલ નાઓ અરજીનો વિરોધ કરી દલીલ કરતા જણાવે છે કે, અરજદાર/આરોપીને માંગ્યા મુજબની શરતોમાં ફેરફાર કરી આપવામાં આવે તો તેઓ વિદેશમાં કયાક નાસી–ભાગી જાય તેવી શકયતા રહેલી છે. જે સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે રજૂ થયેલ દસ્તાવેજો અને અરજદાર તરફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતા અરજદાર/અરોપીનો પાસપોર્ટ નાઝર, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ગાંધીનગરમાં તા.૧૨–૦૮–૨૦૨૫ નારોજ સેફ કસ્ટડી નંબર : ૧૭૫/૨૦૨૫ થી જમા કરાવેલ છે. વધુમાં અરજદારને ધં ધાના કામટે અર્થે ચાઈના જવાનું હોવાનું જે કારણ પોતાની અરજીમાં જણાવેલ છે તે સંબંધે નિ.૩/૨ થી ઈ–ઈન્વીટેશન તથા નિ.૩/૩ થી આઈટનરી રજુ રાખેલ છે. જે જોતા તેઓને તા.૧૧–૦૪–૨૦૨૬ થી તા.૨૦–૦૪–૨૦૨૬ સુધી ચાઈના ખાતે જવાનું હોઈ, અરજીમાં જણાવેલ

કારણો અને સંજોગો ધ્યાને લેતા અરજદારની અરજી ગ્રાહય રાખવી યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાઈ આવતી હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારની અરજી **અંશત:મંજૂર** કરવામાં આવેલ છે.

(૨) અરજદારે રૂા.૨,૦૦,૦૦૦/– ડીપોઝીટ પેટે નાઝરશ્રીને જમા કરાવ્યેથી તેઓનો પાસપોર્ટ નં.**X9103454** કે જે નાઝર, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ગાંધીનગર ખાતે જમા છે તે સદર હુકમ તારીખથી પરત સોંપવાનો તેમજ તા.૧૧–૦૪–૨૦૨૬ થી તા.૨૦–૦૪–૨૦૨૬ સુધી ભારત છોડવાની પરવાનગી આપવામાં આવે છે અને અરજદારને ચાઈના જવા–આવવા માટેની પરવાનગી આપવામાં આવે છે.

(૩) અરજદારે ચાઈનાથી પરત ફર્યા બાદ દિન–૭ માં પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવાનો રહેશે.

(૪) પાસપોર્ટ જમા કરાવ્યેથી અરજદાર ઉપરોકત રૂા.૨,૦૦,૦૦૦/– નાઝરશ્રી પાસે ડીપોઝીટ કરાવેલ રકમ પરત મેળવવા હકકદાર રહેશે.

(૫) હુકમની યાદી નાઝરશ્રીને તથા પોલીસ સ્ટેશનને તથા લાગુ પડતી અદાલતને મોકલી આપવી.

હુકમ આજ તા.૧૨, માહે : માર્ચ, સને : ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૧૨–૦૩–૨૦૨૬.**
**સ્થળ : ગાંધીનગર.**

**(સંજીવકમલ વેદપ્રકાશ શર્મા )**
**GJ00536**
**બીજા અધિક સેશન્સ જજ,**
**ગાંધીનગર.**

બીજા અધિક સત્ર ન્યાયાધિશ,
ગાંધીનગર.